# જાહેર પ્રશ્ન નં.1

| | |
|---|---|
| હા | **બંધારણીય સુધારો કોલેજના બધાં સ્પોર્ટ કે એથ્લેટિક આયોજનો પર દાવ લગાવવાની પરવાનગી આપશે**<br><br>શું તમે કોલેજના બધાં સ્પોર્ટ કે એથ્લેટિક આયોજનો પર કેસિનો અને હાલની કે ભૂતપૂર્વ ઘોડદોડ સ્પર્ધા મારફતે દાવ લગાવવાની પરવાનગી આપવા બંધારણમાં સુધારાને મંજૂર કરો છો?<br><br>હાલમાં, ન્યૂ જર્સીમાં યોજાતા સ્પોર્ટ કે એથ્લેટિક આયોજનો પર દાવ લગાવવા પર પ્રતિબંધ છે. દાવ લગાવવાનો પ્રતિબંધ એ આયોજન પર પણ છે જેમાં ન્યૂ જર્સીની કોલેજ ટીમ ભાગ લેતી હોય. |
| ના | **અર્થઘટનાત્મક નિવેદન**<br><br>હાલમાં, રાજ્યનું બંધારણ ન્યૂ જર્સીમાં યોજાતા કોલેજ સ્પોર્ટ કે એથ્લેટિક આયોજનો પર દાવ લગાવવા પર પ્રતિબંધ છે. તે એવા આયોજન પર દાવ લગાવવા પર પણ પ્રતિબંધ ફરમાવે છે જેમાં ન્યૂ જર્સીની કોલેજ ટીમ ભાગ લેતી હોય.<br><br>આ સુધારો કોઇ કોલેજ સ્પોર્ટ કે એથ્લેટિક આયોજન પર દાવ લગાવવાની પરવાનગી આપવા વિધાનમંડળને કાયદાઓ પસાર કરવાની છૂટ આપશે. તે દાવ લગાવવાની પરવાનગી આપશે પછી ભલે ન્યૂ જર્સીની કોલેજ ટીમ સ્પર્ધામાં ભાગ લે. આવી દાવ લગાવવાની પરવાનગી માત્ર કેસિનો અને હાલની કે ભૂતપૂર્વ ઘોડદોડ સ્પર્ધા મારફતે દાવ લગાવવા માટે આપવામાં આવશે. |